પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કૅન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈધરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈધ શાળા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT / ઉપનાહ સ્વેદન / લેપન / વેદ્યાગ્નિકર્મ / પંચકર્મ
EKLપંચકર્મ / પટ્ટબંધન / અગ્નિકર્મ / ક્ષારકર્મ / વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo.: 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo.: 75748 61853


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩


શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ સાતમ બુધવાર ૧૯ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૩
પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# અનેક પરીક્ષા સુધારાની NTAની જાહેરાત

**પ્રશ્નપત્ર** ચકાસણી માટે ચાર-સ્તરીય પ્રક્રિયા ૬૦૦ નિષ્ણાતોને ખસેડીને નવા નિષ્ણાતોનો સમાવેશ કરીને પરીક્ષા ટીમનું પુનર્ગઠન કરાયું

**એનટીએની** કચેરીઓની સુરક્ષા માટે CISF ગોઠવાશે

**NTAની** મુખ્ય કચેરી નવા પરિસરમાં ખસેડાશે

નવી દિલ્હી, ૧૮ ઓગસ્ટ(પીટીઆઈ): સરકારે મંગળવારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની પરીક્ષા પદ્ધતિમાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે. જેમાં પ્રશ્નપત્ર ચકાસણી માટે ચાર-સ્તરીય પ્રક્રિયા, ૬૦૦ નિષ્ણાતોને હટાવીને નવા નિષ્ણાતોનો સમાવેશ કરવો અને CISF દ્વારા સુરક્ષિત ઓફિસ પરિસરોનો સમાવેશ થાય છે.

તાજેતરમાં UGC-NET ના પેપરોમાં થયેલી ગરબડો અને અગાઉ NEET-UG પરીક્ષાના પેપર લીકને લઈને ઘેરાયેલું શિક્ષણ મંત્રાલય સ્થિતિ સુધારવા માટે સક્રિય બન્યું છે. શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીની અધ્યક્ષતામાં સોમવારે યોજાયેલી બેઠક બાદ મંત્રાલયે આજે સાંજે જાહેરાત કરી હતી કે, મંત્રી જોશીએ પરીક્ષાઓના સુચારુ સંચાલન માટે તમામ જરૂરી સુરક્ષા અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ ઝડપથી પૂરી પાડવાના નિર્દેશ આપ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે NEET-UG પેપર કૌભાંડ બાદ થયેલા વિરોધ પ્રદર્શનોને કારણે પૂર્વ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ પ્રહલાદ જોશીએ હોદ્દો સંભાળ્યો છે.

મંત્રીના નિર્દેશો બાદ, દેશમાં ઘણી મહત્વપૂર્ણ પરીક્ષાઓ માટે જવાબદાર એવી એજન્સી(NTA) ના ડાયરેક્ટર જનરલ અભિષેક સિંહે મંત્રાલયને હાથ ધરાયેલી કાર્યવાહીથી માહિતગાર કર્યા હતા. મંત્રાલયે અત્યાર સુધી લેવાયેલા પગલાંની યાદી આપતા જણાવ્યું હતું કે, પરીક્ષા ટીમનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે, જેમાં ૬૦૦ નિષ્ણાતોને હટાવવામાં આવ્યા છે અને નવા નિષ્ણાતોને ઉમેરવામાં આવ્યા છે. તેણે ઉમેર્યું કે, પરીક્ષાના પેપરોની ચકાસણીને વધુ મજબૂત બનાવવા માટે ચાર-સ્તરીય પ્રશ્નપત્ર તપાસ પ્રણાલી પણ લાગુ કરવામાં આવશે. આ ઉપરાંત, આગામી બે થી ત્રણ અઠવાડિયામાં ૨૦-૨૫ અધિકારીઓની ભરતી કરવામાં આવશે, જ્યારે વધુ ભરતી યોજનાની પણ સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ, NTAની ઓફિસને યુદ્ધના ધોરણે નવા પરિસરમાં ખસેડવામાં આવશે, જ્યાં CISFની ટીમો દ્વારા સુરક્ષા વધુ મજબૂત કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, NTA ઓફિસને રાષ્ટ્રીય રાજધાનીમાં ઓખલાથી મિંટો રોડ પર ખસેડવામાં આવશે.

વિરોધ પક્ષો અને વિરોધ કરી રહેલા વિવિધ વિદ્યાર્થી સંગઠનો દ્વારા સ્કોલર્સ માટેની UGC-NET પરીક્ષા ફરીથી લેવાની રવિવારે રાત્રે કરાયેલી જાહેરાત બાદ NTAને ફરીથી તીવ્ર ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો, જેના પછી આ નિર્ણયો લેવામાં આવ્યા છે. તેઓ એવો આરોપ લગાવીને NTAને વિખેરી નાખવાની માંગ કરી રહ્યા હતા કે તેની વારંવારની ભૂલોએ વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને કારકિર્દીના આયોજનને જોખમમાં મૂક્યું છે.

જો કે, NTA ના સૂત્રોએ દાવો કર્યો હતો કે તેણે વિદ્યાર્થીઓના હિતમાં કામ કર્યું છે અને જણાવ્યું હતું કે ભવિષ્યમાં તમામ પરીક્ષાઓ ન્યાયી અને ભૂલરહિત થાય તે સુનિશ્ચિત કરવા માટે આંતરિક પ્રક્રિયાઓ અને પ્રોટોકોલની સમીક્ષા કરવામાં આવી રહી છે.





## દક્ષિણ કોરિયામાં 36 ઈંચ વરસાદથી ભૂસ્ખલન

**જિયોજે** શહેરમાં બે જ દિવસમાં સમગ્ર ચોમાસા જેટલો વરસાદ

**ભારે** વરસાદના પગલે ભીષણ ભૂસ્ખલનમાં એક વ્યક્તિનું મોત

**એપાર્ટમેન્ટ્સ** ભૂસ્ખલનની ઝપેટમાં આવ્યા, સેંકડો લોકોને ખસેડાયા

**ફિલિપાઈન્સમાં** પણ પૂર-ભૂસ્ખલનથી 23 લોકોનાં મોત-મનિલામાં ભારે વરસાદથી શાળાઓ અને સરકારી કચેરીઓ બંધ

સિઓલ, તા. 18: દક્ષિણ કોરિયાના દક્ષિણ વિસ્તારોમાં શનિવારથી શરૂ થયેલા ભારે વરસાદને કારણે એક વ્યક્તિનું મોત થયું છે અને ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. સાઉથ ગ્યોંગસાંગ પ્રાંતના જિયોજે શહેરમાં સપ્તાહંત દરમિયાન 31.5 ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો, જેના કારણે ભીષણ ભૂસ્ખલન થયું હતું. સોમવારની સાંજ સુધીમાં જિયોજેમાં કુલ વરસાદનો આંકડો 35.9 ઈંચ સુધી પહોંચી ગયો હતો. ભૂસ્ખલનની ઝપેટમાં આવેલા એપાર્ટમેન્ટમાંથી ત્રણ લોકોને બચાવી લેવાયા હતા, પરંતુ તેમાંથી એકનું મોત નીપજ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, જિયોજે અને નજીકના તોંગ્યોંગ શહેરમાં માત્ર બે જ દિવસમાં સમગ્ર ચોમાસા જેટલો રેકોર્ડબ્રેક વરસાદ ખાબક્યો છે. તોંગ્યોંગમાં આ ગાળા દરમિયાન 26.4 ઈંચ વરસાદ નોંધાયો હતો, જ્યારે પ્રાંતના અન્ય વિસ્તારોમાં 9.4થી 13.3 ઈંચ વરસાદ પડ્યો હતો. ધોધમાર વરસાદના કારણે લગભગ 390 લોકોને સલામત સ્થળે ખસેડાયા છે અને 3,580 ઘરોમાં વીજળી ડૂલ થઈ ગઈ છે. શાળા-કોલેજોમાં પાણી ભરાયા છે અને વડા પ્રધાન હાન સોંગ-સુકે રાહત-બચાવ કાર્યો ઝડપી બનાવવા આદેશ આપ્યા છે.

બીજી તરફ, ફિલિપાઈન્સની રાજધાની મનિલામાં પણ

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી

### સોશિયલ મીડિયા પર સરકારના બ્લોકિંગ ઓર્ડર્સનો નવો રેકોર્ડ

સરેરાશ દર 68 સેકન્ડમાં એક બ્લોકિંગ ઓર્ડર. દરરોજ આશરે 1,275 ઓર્ડર. માત્ર પાંચ મહિનામાં લગભગ 1.95 લાખ ઓર્ડર. ઓનલાઇન કન્ટેન્ટને નિયંત્રિત કરવાના નામે કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલો આ એક પ્રકારનો રેકોર્ડ છે. આ નિર્દેશો આ વર્ષે માર્ચથી જુલાઈ વચ્ચે ઇન્સ્ટાગ્રામ, ફેસબુક, યુટ્યુબને મોકલવામાં આવ્યા હતા, જે સત્તાવાર રીતે ઉપલબ્ધ ડેટામાં સામે આવ્યું છે. નોંધનીય છે કે, આ સમયગાળા દરમિયાન દિલ્હીના જંતર-મંતર ખાતે પરીક્ષાના પેપર લીક સામે વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન પણ સામેલ હતું, જે જૂનની શરૂઆતમાં શરૂ થયું હતું. તત્કાલીન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ 25 જુલાઈના રોજ આ વિરોધ સમેટી લેવામાં આવ્યો હતો. આ મુદ્દાને લગતા કેટલાક આરટીઆઈ રેકોર્ડ્સ દર્શાવે છે કે, ઓક્ટોબર 2024થી ઓક્ટોબર 2025 વચ્ચે 'સહયોગ' પોર્ટલ મારફતે 10 ઓનલાઇન પ્લેટફોર્મ્સને કુલ 2312 બ્લોકિંગ ઓર્ડર મોકલવામાં આવ્યા હતા. એટલે કે, દૈનિક સરેરાશ છ ઓર્ડર મોકલવામાં આવ્યા હતા. ત્રણ મુખ્ય પ્લેટફોર્મ્સ પૈકી, સરકારના આ નિર્દેશોમાં સૌથી મોટો હિસ્સો ઇન્સ્ટાગ્રામનો રહ્યો હતો, જેને પાંચ મહિનાના સમયગાળા દરમિયાન લગભગ એક લાખ બ્લોકિંગ ઓર્ડર

...અનુસંધાન પાના 11 પર

## પીએમ કેયર્સ ફંડ રૂ. 8,452 કરોડને પારઃ 93% રકમની એફડી

**દાન** જેટલું જ વ્યાજ! 2024-25માં મળેલા ઘરેલુ દાન જેટલી જ કમાણી વ્યાજથી (વર્ષે રૂ. 475 કરોડ) થઈ

**હજારો** કરોડના ભંડોળસામે વર્ષ દરમિયાન માત્ર રૂ. 87.85 લાખનો જ ખર્ચ થતાં સવાલો

નવી દિલ્હી, તા. 18: પીએમ કેયર્સ ફંનું સત્તાવાર ઓડિટ સ્ટેટમેન્ટ જાહેર કરવામાં આવ્યું છે. 31 માર્ચ 2025ના રોજ નાણાકીય વર્ષ પૂરું થયાના આશરે 16 મહિના બાદ, ઓગસ્ટ 2026ના પ્રથમ સપ્તાહમાં ઓડિટ કરીને ઓનલાઈન મૂકવામાં આવેલા આ રિપોર્ટ અનુસાર, ફંડની કુલ જમા રકમ વધીને રૂ. 8,452 કરોડ થઈ ગઈ છે. રસપ્રદ વાત એ છે કે ફંડની કુલ રકમમાંથી આશરે 93 ટકા રકમ એટલે કે રૂ. 7,846.65 કરોડ ફિક્સ ડિપોઝિટ (FD) તરીકે બેંકોમાં જમા

...અનુસંધાન પાના 11 પર

### પીએમ કેયર્સ ફંડની પારદર્શિતા અને ખર્ચ સામે ઉઠેલા સવાલો

પારદર્શિતા માટે કામ કરતી એક્ટિવિસ્ટ અંજલિ ભારદ્વાજે ઉપલબ્ધ હજારો કરોડ રૂપિયાના ફંડમાંથી માત્ર ખૂબ જ ઓછો ખર્ચ કરવા સામે સવાલ ઉઠાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો કે ડિઝાસ્ટર સમયે મદદ માટે બનેલું ફંડ ગુપ્તતાના પડદા પાછળ રખાઈ રહ્યું છે. ઓડિટ સ્ટેટમેન્ટમાં રૂ. 324.66 કરોડ કઈ એજન્સીઓએ અને શા માટે પરત કર્યા, તેમજ શું આ રિફંડ કોઈ ખામીયુક્ત સાધનો સાથે જોડાયેલું છે તે અંગે કોઈ વિગતવાર નોંધ કે નોટ્સ વેબસાઈટ પર અપલોડ કરાઈ નથી. નાણાકીય વર્ષ પૂરું થયાના 16 મહિના પછી ઓગસ્ટ 2026માં આ રિપોર્ટ સહી કરીને જાહેર કરાયો છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અતુલ મોદાનીએ દાવો કર્યો છે કે FY 2023-24 અને FY 2024-25 બંને વર્ષના ઓડિટ આશરે બે વર્ષના ગાળા પછી એકસાથે કરાયા છે. ઉપરાંત અપલોડ

...અનુસંધાન પાના 11 પર

### દાન ઘટી ગયુંઃ ઘરેલું દાનમાં 30% અને વિદેશી દાનમાં 18%નો ઘટાડો

**દાનમાં** સતત ઘટાડો થઈ રહ્યો છે, નાણાકીય વર્ષ 2025માં ઘરેલું યોગદાન ઘટીને રૂ. 479 કરોડ થયું

**આ** ફંડનો ઉપયોગ હોસ્પિટલોમાં ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા, વેન્ટિલેટર્સ ખરીદવા અને આરોગ્ય સુવિધાઓ મજબૂત કરવા માટે કરાય છે

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ): પીએમ કેયર્સ ફંડના નાણાકીય વર્ષ 2024-25ના તાજેતરના ઓડિટ રિપોર્ટ અનુસાર, આ ફંડમાં મળતા ઘરેલું દાનમાં 30 ટકાનો ઘટાડો નોંધાયો છે. 2024-25ના નાણાકીય વર્ષ દરમિયાન ઘરેલું દાન ઘટીને આશરે રૂ. 479 કરોડ થયું છે, જે અગાઉના નાણાકીય વર્ષ 2023-24માં રૂ. 681.8 કરોડ હતું. આ જ ગાળા દરમિયાન વિદેશી દાનમાં પણ 18 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. અગાઉના વર્ષના રૂ. 1.13 કરોડની સરખામણીએ આ વર્ષે વિદેશી દાન ઘટીને રૂ. 92.8 લાખ થઈ ગયું છે. આ વિદેશી દાન ફંડની શરૂઆતના પ્રથમ વર્ષ (2019-20ના રૂ. 39.7 લાખ) પછીનું બીજા નંબરનું સૌથી ઓછું દાન છે.
અહેવાલ અનુસાર, 31 માર્ચ 2025 સુધીમાં પીએમ કેયર્સ ફંડનું કુલ બેલેન્સ વધારા સાથે રૂ. 8,452 કરોડ પહોંચ્યું છે, જે એક વર્ષ અગાઉ રૂ. 7,173 કરોડ હતું. આ કુલ બેલેન્સમાંથી રૂ. 7,846 કરોડ ફિક્સ ડિપોઝિટમાં અને રૂ. 605 કરોડ

...અનુસંધાન પાના 11 પર

## મૃત્યુદંડની રીત બદલવાનો સુપ્રીમનો ઈનકાર

**ફાંસીને** બદલે ઝેરનું ઇન્જેક્શન આપીને દેહાંતદંડનો અમલ કરવા માટે અરજી થઇ હતી

**અરજી** ફગાવતા સર્વોચ્ચ અદાલતે કહ્યું કે રજૂ કરાયેલી સામગ્રી એ સાબિત કરતી નથી કે ફાંસી આપવા કરતા ઝેરનું ઇન્જેક્શન આપવાની પધ્ધતિ વધુ સારી છે

**૧૯૮૩નો** આ જ અદાલતનો આદેશ રદ કરવા માટે કોઇ કારણો નથી, જો કે સરકાર ભવિષ્યમાં પધ્ધતિની સમીક્ષા કરી શકે છે

નવી દિલ્હી, તા. ૧૮(પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે મંગળવારે ફાંસીની સજા પામેલા કેદીને ફાંસી આપીને મૃત્યુદંડ આપવાની પ્રથાને નાબૂદ કરવા અને તેને સ્થાને ઝેરના ઈન્જેક્શન જેવી પદ્ધતિઓ અપનાવવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે.

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે જણાવ્યું હતું કે, તેમની સમક્ષ રજૂ કરાયેલ સામગ્રી/પુરાવા એ સાબિત નથી કરતા કે મૃત્યુદંડની અમલવારી માટે ફાંસીની સરખામણીએ ઝેરી ઈન્જેક્શન આપવાની પદ્ધતિ વધુ યોગ્ય છે. બેન્ચે નોંધ્યું હતું કે, સીઆરપીસી (CrPC) ની કલમ ૩૫૪(૫)ની બંધારણીય માન્યતા અંગે પુનર્વિચાર કરવા માટે ત્રણ જજની બેન્ચના ૧૯૮૩ના નિર્ણયને મોટી બેન્ચ સમક્ષ મોકલવા માટે પૂરતા કારણો મળ્યા નથી. સીઆરપીસીની કલમ ૩૫૪(૫) જણાવે છે કે જ્યારે કોઈ વ્યક્તિને મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવે

...અનુસંધાન પાના 11 પર

### માનવ ગરિમાને અનુરૂપ નહીં હોય તે રીતે મૃત્યુદંડ આપી શકાય નહીંઃ સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૧૮(પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, સરકાર પાસે જીવ લેવાની સત્તા હોય ત્યારે પણ તે અસંગત, અતિશય અથવા માનવ ગરિમાને શોભે નહીં તે રીતે કોઇનો જીવ લઇ શકે નહીં. ખંડપીઠે જણાવ્યું હતું કે ફાંસી આપવાની પદ્ધતિ એવી બંધારણીય જરૂરિયાતોને પૂર્ણ કરતી હોવી જોઈએ, જે પીડાને ઓછી કરે અને મૃત્યુદંડ પામેલી વ્યક્તિની જન્મજાત ગરિમાને શક્ય તેટલી જાળવી રાખે. બેન્ચે મૃત્યુદંડની સજા પામેલા ગુનેગારને ફાંસી આપીને મૃત્યુદંડ આપવાની પ્રથા નાબૂદ કરવા અને તેને બદલે 'ઇન્ટ્રાવેનસ લેથલ ઇન્જેક્શન' જેવી પદ્ધતિઓ અપનાવવાની માગ કરતી અરજી ફગાવી દેતાં આ ટિપ્પણી કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે, "જ્યારે કાયદાની અદાલત યોગ્ય સુનાવણી બાદ કોઈ ગુના માટે મૃત્યુદંડની સજા સંભળાવે છે, ત્યારે સરકારે તેની બંધારણીય વ્યવસ્થા દ્વારા સૌથી ગંભીર પ્રકારની સજાનો અમલ કરવાનો હોય છે – એવી સજા કે જેનો એકવાર અમલ કરાયા પછી ક્યારેય પાછી ખેંચી શકાતી નથી. ખંડપીઠે કહ્યું કે જો કોઈ ભૂલ થાય, પછી તે પ્રક્રિયામાં હોય કે સજાના પ્રમાણસરતામાં હોય, તો તેના પરિણામો બદલી શકાતા નથી.

## "પ્રદર્શનમાં અસામાજિક તત્વો ઘૂસ્યા હતા": દિલ્હી પોલીસ

**સુપ્રીમ** કોર્ટમાં રજૂ કરેલા સોગંદનામામાં દિલ્હી પોલીસે પોતાના બળપ્રયોગનો બચાવ કર્યો

**બળપ્રયોગની** અદાલત દ્વારા નિયુક્ત સમિતિ દ્વારા તપાસ કરાવવા તૈયારી બતાવી

નવી દિલ્હી,તા.૧૮(પીટીઆઈ): દિલ્હી પોલીસે ૨૦ જુલાઈના રોજ યોજાયેલા "ચલો સંસદ" પ્રદર્શન દરમિયાન બળપ્રયોગના નિર્ણયનો મજબૂત બચાવ કર્યો છે. સર્વોચ્ચ અદાલતમાં રજૂઆત કરતા પોલીસે જણાવ્યું હતું કે, આ આંદોલન પર અસામાજિક તત્વો અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા લોકોએ કબજો જમાવી લીધો હતો, જેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હતી અને ૨૪૦ થી વધુ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા.

પ્રદર્શનકારીઓ સામે અતિશય બળપ્રયોગના આક્ષેપો કરતી અરજીઓના જવાબમાં નવી દિલ્હી જિલ્લાના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (DCP) સચિન શર્મા દ્વારા દાખલ કરાયેલા સોગંદનામામાં કહેવામાં આવ્યું છે કે, પોલીસ પોતાના પગલાંની તપાસ કોર્ટ દ્વારા નિયુક્ત પેનલ દ્વારા કરાવવા તૈયાર છે. સોગંદનામામાં જણાવાયું છે કે, "પોલીસ દ્વારા કરવામાં આવેલા બળપ્રયોગની તપાસ આ માનનીય અદાલત દ્વારા નિયુક્ત સમિતિ દ્વારા કરી શકાય છે અને દિલ્હી પોલીસ આવી સમિતિને પૂર્ણ સહયોગ આપશે તેમજ તમામ જરૂરી વિગતો પૂરી પાડશે. પુનરાવર્તનના જોખમે પણ એ સબમિટ કરવામાં આવે છે કે, આ માનનીય અદાલત દ્વારા એક સમિતિની નિમણૂક કરવામાં આવી શકે છે જે પોલીસ અધિકારીઓ દ્વારા બળપ્રયોગ સંબંધિત તમામ મુદ્દાઓની તપાસ કરશે." ૩ ઓગસ્ટના રોજ, આ મુદ્દે અરજીઓની સુનાવણી કરતી વખતે મુખ્ય ન્યાયાધીશ સૂર્યા

...અનુસંધાન પાના 11 પર

## વિદ્યાર્થીઓ પર પોલીસ બળપ્રયોગ સામે સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

**હાઈ-**પાવર કમિટીની રચનાની જાહેરાત

**આ** સમિતિ વિદ્યાર્થીઓ પર અત્યાચાર અને પોલીસ કર્મચારીઓ સામે થયેલી હિંસાની તપાસ કરશે

**દેખાવોમાં** ભાગ લેનાર મહિલાઓ તથા અન્યોની થઇ રહેલી ઓનલાઇન સતામણીના આક્ષેપો અંગે પણ તપાસ કરશે, આજે સમિતિ જાહેર થઇ શકે

**જેને** રદ કરવાની છે તેવી વિદ્યાર્થીઓ સામેની FIRની વિગતો સુપ્રીમે મંગાવી

નવી દિલ્હી, તા. ૧૮(પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે તે તાજેતરમાં દિલ્હીમાં વિદ્યાર્થી વિરોધકર્તાઓ સામે પોલીસ દ્વારા કરવામાં આવેલી બળપ્રયોગના આરોપો અને પોલીસ કર્મચારીઓ સામે થયેલી હિંસાની તપાસ કરવા માટે સર્વોચ્ચ અદાલત અને હાઈકોર્ટના નિવૃત ન્યાયાધીશો, પૂર્વ ડીજીપી અને પૂર્વ સીબીઆઈ ડિરેક્ટરનો સમાવેશ કરતી એક ઉચ્ચ-સત્તાધારી સમિતિની રચના કરશે.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્ય કાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી તેમજ ન્યાયમૂર્તિ વી. મોહનાની પીઠે જણાવ્યું હતું કે પેનલમાં સામેલ કરવા માટેના અન્ય સભ્યો અંગે વિવિધ પક્ષકારો પાસેથી સૂચનો મળ્યા બાદ બુધવારે સમિતિની રચના કરવાનો આદેશ જાહેર કરવામાં આવશે. પીઠે વધુમાં

...અનુસંધાન પાના 11 પર

### વિદ્યાર્થીઓ સામેની FIR રદ કરવાની આનાકાની સામે સરકારને CJPની ચેતવણી

**FIR ની** યાદી ન સોંપવા બદલ સરકાર સામે રોષ

**જો** સરકાર તેણે આપેલી ખાતરીઓનું પાલન નહીં કરે તો ફરીથી આંદોલન શરૂ થઇ શકે

નવી દિલ્હી, તા.૧૮(પીટીઆઈ): કોકરોચ જનતા પાર્ટી(CJP)એ મંગળવારે કેન્દ્ર સરકાર પર વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓ વિરુદ્ધની FIR રદ કરવાની સુપ્રીમ કોર્ટના પ્રયાસમાં અવરોધ ઉભો કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે માંગ કરી છે કે કોર્ટ દ્વારા પોલીસ અત્યાચાર અને પોલીસ સામેની હિંસાના આક્ષેપોની તપાસ કરવા માટે જાહેર કરવામાં આવેલી ઉચ્ચ-સ્તરીય સમિતિમાં પાર્ટીના સભ્યોને સામેલ કરવામાં આવે. CJPના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે પત્રકારોને જણાવ્યું હતું કે, "જો સરકાર ૨૫ જુલાઈની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા માટે તાત્કાલિક નક્કર પગલાં નહીં ભરે, તો કોકરોચ જનતા પાર્ટી આગામી બે દિવસમાં તેની રાષ્ટ્રીય કાર્યકારિણી સમિતિની બેઠક બોલાવીને દેશવ્યાપી આંદોલનની આગળની રણનીતિ નક્કી કરશે." તેમણે કહ્યું કે, સરકારે FIR પાછી ખેંચવા, પ્રદર્શનકારીઓને શિક્ષાત્મક કાર્યવાહીથી બચાવવા અને અસરગ્રસ્ત પરિવારોને વળતર આપવાની ખાતરી આપ્યા બાદ સંગઠને સદભાવના રૂપે ૨૫ જુલાઈના રોજ પોતાનું દેશવ્યાપી આંદોલન પાછું ખેંચી

...અનુસંધાન પાના 11 પર

### તા. ૧૮-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.00 કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૫૪૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.૬ સે. | ૨૬.૨ સે. | ૬૨% |